# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૨૧ કેસ

## કોરોનાને લીધે ૧૦નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૩૦૮૯૭ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૬૦નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૫૯૫૮

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૫૧૨૨૮ ટેસ્ટ કરાતા ૧૨૨૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો એક લાખ પચાસ હજારને પાર થઈ ૧૫૦૪૧૫ થયો છે. રાજ્યમાં આજે ૧૦ દર્દીના મોત થયા હતા. કુલ મૃત્યુઆંક ૩૫૬૦ થયો છે. રાજ્યમાં ૧૪૫૬ દર્દીઓ આજે સાજા થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો એક લાખ તીસ હજારને પાર થઈ ૧,૩૦,૮૯૭ થયો છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૧૫,૯૫૮ છે અને વેન્ટીલેટર પર ૮૧ દર્દી નોંધાયા છે. તેમજ ૧૫૮૭૭ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના પોઝિટિવના આંકડા માં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ આંકડો ૧૨૦૦ની નજીક આવી રહ્યો છે. રાજ્ય સરકાર છેલ્લા દસ દિવસ ઉપરાંત ટેસ્ટિંગનું પ્રમાણ ઘટાડી ૫૦ થી ૫૫ હજારની વચ્ચે કર્યું છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૫,૯૪,૦૩૧ વ્યક્તિ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૯૩,૬૧૩ હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. અને ૪૧૮ લોકોને ફેસીલીટી ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યાં છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૭.૦૨ ટકા છે. રાજ્યમાં ૪૯,૬૧,૩૯૫ ટેસ્ટ કોરોનાના કુલ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૦ દર્દી મોત થયા છે.

જેમાં અમદાવાદ શહેરમાં ૪, સુરત શહેરમાં ૨ અને જિલ્લામાં ૧, રાજકોટમાં ૧ અને ગાંધીનગરમાં ૨ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૬૩ અને જિલ્લામાં ૧૩ સાથે ૧૭૬ પોઝિટિવ કુલ કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૮૭૩૭૧ થયો છે. આજે વધુ ૪ મોત સાથે કુલ ૧૮૪૬ મોત કોરોનાના લીધે નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૧ અને જિલ્લામાં ૮૧ સાથે ૨૫૨ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમિતનો આંકડો ૩૧૯૧૮ થયો છે. આજે ૩ મોત કોરોનાને લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૮૦૪ થયો છે. વડોદરા શહેરમાં ૭૮ અને જિલ્લામાં ૪૧ સાથે કુલ ૧૧૯ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૩૩૪૮ થયો છે. રાજકોટ શહેરમાં આજે ૮૨ અને જિલ્લામાં ૩૨ સાથે કુલ ૧૧૪ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૦૬૫૯ થયો છે. આજે ૧ મોત નોંધાતા કુલ ૧૪૮ મૃત્યુઆંક નોંધાયા છે.

# ડીસામાં મુખ્ય માર્ગો ધૂળિયા બન્યા

કોરોના મહામારી વચ્ચે પણ ડીસામાં મુખ્ય માર્ગો ઉપર ઊડતી ધૂળના કારણે રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે. રોડ ઉપર સતત ધૂળ ઉડતા સમગ્ર વાતાવરણ ધુળિયું બની જતા લોકોને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી રહી છે જેને લઈને ડીસાવાસીઓની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે.

ડીસામાં હાલમાં ભૂગર્ભ ગટરની કામગીરી પુરજોસમાં ચાલી રહી છે, આ કામગીરી દરમિયાન ડીસા શહેરના મુખ્ય માર્ગોનું આડેધડ ખોદકામ કરી દેવામાં આવ્યું છે. ડીસાના સરદારબાગથી જલારામ મંદિરનો મુખ્ય રોડ તેમજ સરદારબાગથી ફુવારા સર્કલ સુધીના મુખ્ય માર્ગ ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન સંપૂર્ણ ખોદી નાખવામાં આવ્યો છે. ત્યારબાદ ફરીથી તેને બનાવવાની જગ્યાએ માત્ર માટી નાખી દેવામાં આવતા વાહનો



પસાર થતા સતત ધૂળ ઉડે છે જેના લીધે સમગ્ર માર્ગ ઉપર ધૂળનું સામ્રાજ્ય ફેલાઈ જાય છે. સતત ઉડતી ધૂળના કારણે શરદી અને એલર્જીથી પીડાતા લોકો માટે શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી રહી છે. કોરોના મહામારી દરમિયાન સતત ઉડતી ધૂળના કારણે લોકોના સ્વાસ્થ્ય ઉપર તેની વિપરીત અસર પડતા લોકોમાં ભય ફેલાયો છે. પાલિકા આ માર્ગો ઉપર પાણીનો છંટકાવ કરવામાં આવે તો હાલ પૂરતી આ સમસ્યાનો હલ આવી શકે તેમ છે. માર્ગોના નવીનીકરણ થાય તે પહેલા પાલિકાતંત્ર આ બાબતે કાર્યવાહી કરે તો મહદઅંશે લોકોને રાહત મળી શકે તેમ છે.

# પાલનપુર જામપુરા પ્રાથમિક શાળામાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

બનાસકાંઠા આસીડીએસ વિભાગ દ્વારા તાજેતરમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર માટે ઓનલાઈન ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.જેમાં કેટલાક ઉમેદવારોના ફોર્મ રીજેક્ટ થતા વાંધા અરજી કરવામાં આવી હતી.જેથી આઈસીડીએસ વિભાગ દ્વારા ગુરુવારે વાંધા અરજી બાબતે પાલનપુર જામપુરા પ્રાથમીક શાળામાં પુછપરછ કરવામાં આવી હતી. જ્યાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યા હતા.

બનાસકાંઠા આઈસીડીએસ વિભાગ દ્વારા આગણવાડીમાં સ્ટાફની ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.જેથી બનાસકાંઠામાંથી આગણવાડી કાર્યકર અને તેડાગરમાં નોકરી માટે અરજદારોએ ઓનલાઈન ફોર્મ ભરી પોતાની દાવેદારી નોંધાવી હતી.જેમાં કેટલાક ઉમેવારોના ફોર્મ અધુરા ડોક્યુમેન્ટના આધારે રીજેક્ટ કરવામાં આવ્યા હતા.જેના પગલે રીજેક્ટ થયેલા ઉમેદવારોઓ વાંધા અરજી રજુ કરી હતી.જેથી આજરોજ વાંધા અરજી રજુ કરનાર ઉમેદવારોને પાલનપુરની જામપુરા પ્રાથમીક શાળા ખાતે બોલાવવામાં આવ્યા હતા.અને તેમને કરેલી વાંધા અરજી બાબતે પુછપરછ કરવામાં આવી હતી. દેશભરમાં કોરોના વાયરસની મહામારી ચાલી રહી છે.તેવા સમયમાં બનાસકાંઠા આઈસીડીએસ વિભાગ દ્વારા એક સાથે મોટી સંખ્યામાં બહેનોને બોલાવવામાં આવતા સોશીયલ ડીસ્ટન્સનો ભંગ તેમજ કેટલીક બહેનો માસ્ક વગર નજરે પડતા જિલ્લા કલેક્ટરના જાહેરનામાના ધજાગરા ઉડતા નજરે પડ્યા હતા.

# બે સંતાનોના પિતાએ પત્નીને સાળાના ફોન પર તલાક આપતાં પોલીસ ફરિયાદ

ત્રણ તલાક બિલ રાજ્યસભા અને લોકસભામાંથી પાસ થઈ ચૂક્યા બાદ રાષ્ટ્રપતિના હસ્તાક્ષરની સાથે જ તેના પર કાયદો પણ બનાવી દેવાયો છે. તેમ છતા પણ ત્રણ તલાકની ઘટનાઓ અટકવાનું નામ જ નથી લઈ રહી.દેશમાં વોટ્સઅપ અને ફોન પર તલાક આપી દેવાના અનેક કિસ્સા બન્યા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં સૌપ્રથમ વાર વોટ્સએપ પર તલાક આપી દીધાનો મામલો પ્રકાશમાં આવ્યો છે . જેમાં મોડાસાની મદની સોસાયટીમાં રહેતા પતિએ તેના સાળાના વોટ્સએપ પર પત્નીને તલાક... તલાક... તલાક... લખેલ કાગળ બે સાક્ષીઓના સહી સાથે મોકલી આપી તલાક આપી દેતા મહિલા અને તેના પિયરપક્ષના લોકો ચોકી ઉઠ્યા હતા આખરે મહિલાએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં તેના પતિ અને તલાકના કાગળમાં સહી કરનાર બે મિત્રો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા શહેરના ખાનજીપાર્કમાં રહેતી યુવતીના વર્ષ-૨૦૦૬ માં સામાજીક રીતરિવાજ મુજબ મોડાસાની મદની સોસાયટીમાં રહેતા સરફરાઝ મહેમૂદભાઈ ઈપ્રોલીયા સાથે થયા હતા પતિ શરૂઆતથી જ મહિલાને સારું રાખતો ન હતો પણ સામાજીક બંધનના પગલે ત્રાસ સહન કરતી હતી લગ્ન દરમિયાન એક પુત્ર અને પુત્રીનો જન્મ થયો હતો હમણાં પતિ સુધરી જશે ની આશા સેવતી મહિલાને પતિના વર્તનમાં કઈ સુધારો ન થતા અને અન્ય મહિલાને પત્ની તરીકે લાવવાની વાત કરતો હોવાની સાથે સાસુ-સસરા અને દિયર સાથે મળી મહિલાને કાઢી મુકતા ૧૦ મહિના આગાઉ મહિલા તેના ૧૦ વર્ષીય પુત્ર અને ૮ વર્ષની પુત્રી સાથે પિતાના ઘરે રહેતી હતી મહિલાએ પતિ અને સાસરિયાં વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી આપતા મહિલા પોલીસે ખાતે ચાલુ હતી ત્યારે પીડીત મહિલાના ભાઈના મોબાઈલ પર એક મહિના અગાઉ તલાકની જાણ કરતો પત્ર તેના પતિ સરફરાઝ ઈપ્રોલીયાએ મોકલી આપ્યો હતો જેમાં સાક્ષી તરીકે તેના મિત્ર ઈઝમામ સલીમભાઈ ગેણા અને મોહમ્મદ રફીક અબ્દુલ કરીમ પટેલે સહી કરતા મહિલા અને તેનો પરિવાર ચોકી ઉઠ્યો હતો મહિલાને તલાક સામાજીક રીતે થયા ન હોવાથી અને એક તરફી તલાક મંજુર ન હોવાથી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.



મોડાસા જાયન્ટ્સે વિશ્વ ટપાલ દિવસે પોસ્ટમેનોને સન્માનપત્ર આપી સન્માનિત કરાયા

૯ ઓક્ટોબર એટલે વિશ્વ ટપાલ દિવસ આ દિવસની જાયન્ટ્સ મોડાસા દ્વારા મોડાસા મુખ્ય પોસ્ટ ઓફિસના અધિકારીઓ તેમજ પોસ્ટ મેનોનુ માસ્ક તેમજ કોરોના વોરિયર્સ તરીકે સન્માનપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. વિશ્વભરમાં હાલ ચાલી રહેલી કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની મહામારીમાં પણ તેમણે એક રાષ્ટ્ધર્મ અને સમાજ સેવા ઘરે ઘરે જઈ પુરી પાડી છે તેવા મોડાસાના મુખ્ય પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર કાંતિભાઈ એસ ચમાર તેમજ જાગૃતભાઈ ડામોર દ્વારા આપેલ નામાવલી મુજબ દરેક પોસ્ટઅધિકારી તેમજ પોસ્ટ મેનને માસ્ક અને કોરોના વોરિયર્સ તરીકે સન્માનિત કરી કોરોના વોરિયર્સના સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પોસ્ટમેન કર્મીઓને સન્માનીત કરતા પોસ્ટમેન કર્મીઓને તેમની કામગીરીની કદર થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ પ્રસંગે નિલેશ જોષી (વાઈસ ચેરમેન જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન), સુરેન્દ્રભાઈ શાહ (જાયન્ટ્સ ૨ -વાઈસ પ્રેસિડેન્ટ), પ્રવીણ પરમાર (મંત્રી જાયન્ટ્સ મોડાસા), ભગીરથ કુમાવત(જાયન્ટ્સ ડાયરેક્ટર મીડિયા સેલ), નવીન પટેલ હાજર રહ્યા હતા.



## આપની આજ
- ભાવેશ એન પટ્ટણી

### આજનું પંચાંગ

ઉદિત તિથિ : કૃષ્ણ પક્ષ નવમી, સાંજે ૫ વાગીને ૫૩ મિનિટથી કૃષ્ણ પક્ષ દશમી
વાર : રવિ
નક્ષત્ર : પુષ્ય
કરણ : ગર સાંજે ૫ વાગીને ૫૩ મિનિટ સુધી, ત્યાર બાદ વણિજ
યોગ : સિદ્ધ રાત્રે ૧૦ વાગીને ૫૪ મિનિટ સુધી, ત્યાર બાદ સાધ્ય
આજે જન્મેલા બાળકોની રાશિ : કર્ક
રાશિ ના અક્ષરો : ડ અને હ

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : વિચારો અન્ય દિશામાં દોડતાં હોય અને ઘટનાઓ જુદી દિશામાં બનતી હોય. એકાગ્રતાનો અભાવ જણાય. ઉર્જા ઓછી હોવાથી શારીરિક શ્રમ પડે તેવાં કર્યો ટાળવાં. કામો અધૂરાં રહેવાની શક્યતાઓ રહેલી છે.

વૃષભ : આરામ કરવાનો દિવસ. ઘર સજાવો, પરિવારજનો સાથે સમય પસાર કરો, આળસ કરો અને આનંદ કરો. મહત્વના કામો ટાળો. ખર્ચ થવાની શક્યતાઓ રહેશે.

મિથુન : અકારણ ઉદ્વેગ જણાયા કરે. જેટલું મીઠું બોલશો તેટલું સારું લણશો. બીજા લોકો સાથે વાતચીત કરવાનું બહુ મન થાય. આજે નોકરી ધંધા અંગે ચિંતા રહયા કરે.

કર્ક : અતિ લાગણીના પ્રવાહમાં તાણાવાનું ટાળો. હૃદયની નજીક હોય તેવા લોકોની ચિંતા રહે. સારું ભોજન પ્રાપ્ત થાય. જીવનસાથી સાથે કે પ્રિયજન સાથે સારો સંવાદ થાય પણ વિવાદ ટાળવો.

સિંહ : આળસ થાય અને કશું કામ કરવાની ઈચ્છા ન થાય. મુસાફરી કરવી કે મિત્રોને મળવું ગમે. નવું જ્ઞાન પ્રાપ્ત થાય. કોઈની પ્રત્યે આકર્ષણ થાય. નવી ખરીદી પાછળ પૈસા ખર્ચાય.

કન્યા : મિત્રો સાથે વાતચીત થાય અથવા મુલાકાત થાય. જીવનસાથી સાથે સંઘર્ષ. કુંવારાઓને એકલતાનો વધુ અહેસાસ થાય. આજે કોઈની આલોચના ટાળવી કેમ કે તેમ કરવાથી સંઘર્ષ થઈ શકે.

તુલા : ઘરે હોવ કે બહાર, કાર્યક્ષેત્ર અંગેના વિચારો આવ્યા કરે. પ્રગતિ કરવાની ઝંખના પ્રબળ બને. વિજાતિય પાત્ર પ્રત્યે આકર્ષણ વધે. દિનચર્યામાં કોઈક ને કોઈક વિઘ્ન આવવાથી 'રવિવાર બગડ્યો' એવી લાગણી થાય.

વૃશ્ચિક : જતું કરવાની ભાવના કેળવશો તો આજનો દિવસ સારો પસાર થશે. કલાકારો માટે સારો દિવસ. મિત્રો પાછળ ખર્ચ થઈ શકે. વિદ્યાર્થીઓનું અભ્યાસમાં ચિત્ત ચોંટે નહીં. જીવનસાથી કે ભાગીદારો સાથે વિખવાદ ટાળવો.

ધન : તબિયતનું ધ્યાન રાખો. શક્તિઓનો વ્યય ટાળો. ઘરમાં કે વાહનમાં સમારકામ કરાવવું પડે. આર્થિક બાબતોની ચિંતા સતાવે. ખોટા અને મોટા ખર્ચ ટાળવા પ્રયત્ન કરો.

મકર : જીવનસાથી, વ્યવસાયિક ભાગીદારી અને જાહેર જીવન - આ ત્રણ બાબતો પરત્વે ધ્યાન આકર્ષિત થયા કરે. ખોટી હિંમત કરવી નહીં અને જોખમ ટાળવા પ્રયત્ન કરવો. જીવનમાં બહુ પ્લાનિંગ કરશો તો આનંદ નહિ કરી શકો. ચિંતામુક્ત રહેવા પ્રયાસ કરો.

કુંભ : આમ તો સરસ દિવસ છે. પ્રેમાલાપ થાય. ભાગીદાર કે જીવનસાથી સાથે સરસ સંવાદ થાય. પરંતુ એવું ન બોલશો જેનાથી પ્રિય પાત્રનું મન દુભાય. વ્યવસાય અંગેની ચિંતાઓ કરીને રવિવાર બગાડશો નહીં. ખપ પૂરતું જ વિચારો અને બાકીની ચિંતાઓ કાલ પર ટાળો.

મીન : ગુસ્સો આપને બિલકુલ સહજ નથી, તો ગુસ્સો ન કરો. દ્વિધાઓ વધે. અસમંજસ થાય. કોઈકના માર્ગદર્શનથી લાભ થાય. વડીલો સાથે કે જ્ઞાનમાં જે લોકો આપનાથી મોટાં છે, તેમની સાથે સમય પસાર કરો, દરેક સમસ્યાનું નિરાકરણ મળશે.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

## રિલીઝ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમે આ ફિલ્મ બનાવવા ઘણી મહેનત કરી છે. હવે લોકોને ફિલ્મ જોવાની તક મળશે.

તા. ૨૪ મે ૨૦૧૯ના રોજ આ ફિલ્મ રીલિઝ થઈ હતી. મેકર્સે ફરી આ ફિલ્મને રીલિઝ કરવાનો નિર્ણય લીધો છે. આ ફિલ્મનું એક પોસ્ટર પણ જાહેર કરાયું છે. જેમાં ફિલ્મની રીલિઝ ડેટ પ્રકાશિત કરવામાં આવી છે. લોકડાઉન બાદ રીલિઝ થનારી આ પ્રથમ ફિલ્મ બની રહેશે.

આ ફિલ્મ 'સરબજીત' અને 'મેરીકોમ' જેવી સફળ ફિલ્મ આપનાર ડાયરેક્ટર ઓમંગકુમારે બનાવી છે. આ ફિલ્મમાં વડાપ્રધાન મોદીની રેલી અને વડાપ્રધાન બન્યા પહેલાની એમની રાજકીય કેરિયર પર ફોકસ કરવામાં આવ્યું છે. જોકે વડાપ્રધાન મોદી જેવી સ્પીચ આપવા માટે વિવેક ઓબેરોયને ખૂબ જ તૈયારીઓ કરવી પડી હતી.

ફિલ્મના પ્રથમ ભાગમાં વડાપ્રધાન મોદીનો સંઘર્ષ દર્શાવાયો છે. કોરોના સંક્રમણના કારણે ૧૫મી માર્ચથી સિનેમાઘરમાં જનારા લોકોની સંખ્યા ઓછી થઈ ગઈ હતી. જ્યારે તા. ૨૨ માર્ચે દેશવ્યાપી લોકડાઉન થતા સિનેમાઘરને તાળા લાગી ગયા હતા. સિનેમાઘરના સંચાલકોએ કેન્દ્ર સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે. હોલમાં માત્ર ૫૦ ટકા જ દર્શકોને બેસવા માટે મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા ત્રણથી ચાર મહિનામાં કોઈ નવી ફિલ્મ રીલિઝ થઈ નથી ત્યારે ૧૫મી ઓક્ટોબરથી પીએમ નરેન્દ્ર મોદી ફિલ્મ રિલીઝ થઈ રહી છે.

## સોલાર બ્લિન્કર્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો પર તંત્ર દ્વારા આ પ્રકારના ક્રોસ પોઈન્ટ નિયત કરાયા છે. જેને અનુલક્ષી કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જેથી આ જગ્યાએ દિવસ રાત સોલાર લાઈટ જગમગતી રહેશે જેથી મુખ્યમાર્ગો પરથી પસાર થતા વાહનચાલકોને ક્રોસ રસ્તા પર વાહન ધીમે પાડવાનો અંદાજ પણ આવી જશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૪ લાખ નો ખર્ચ કરાશે. શહેરના બધા જ જંકશન પર આ પ્રકારના બ્લિન્કર્સ લગાવાશે. શહેરના અંદાજિત ૨૫૦ જેટલા જંકશન પર આ પ્રકારની લાઈટો જગમગશે. આગામી તા ૩૧ સુધી શહેરના તમામ મીડીયન કટ પર આ કામગીરી પુર્ણ કરી દેવાશે.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

કારણ વિના ટીકા કરીને તેમને જાહેરમાં ઉતારી પાડે છે. બીજાની લીટી ભૂંસીને પોતાની લીટી મોટી બતાવવી એના કરતા પોતાની જ લીટી મોટી બનાવવામાં ધ્યાન રખાશે તો આ ચેનલની લોકપ્રિયતા વર્ષો સુધી અખંડ રહેશે. બીજી એક બાબત ધ્યાને એ આવી છે કે આ ચેનલની પણ એસ.આઈ.ટી. ટીમ છે. જે પત્રકાર કોઈનું સ્ટીંગ ઓપરેશન કરે છે તો એવા જાંબાઝ પત્રકારોની ચેનલ ઉપર ઓળખ ના આપવી જોઈએ. કેમ કે એક વખત તેનો ચહેરો ઓળખાઈ ગયો તો બીજી વખત એ પત્રકાર સ્ટીંગ ઓપરેશન નહી કરી શકે. તેથી જેટલી ગુપ્તતા રખાશે એટલા સ્ટીંગ ઓપરેશનો વધુ કરી શકાશે.

બસ બાકી રિ - પબ્લિક ભારત ઈલેક્ટ્રોનિક ન્યૂઝ મીડિયાનો એક નવો યુગ છે. એણે પત્રકારિત્વની, રિપોર્ટીંગની અને રજુઆતની વર્ષોથી ચાલી આવતી પરંપરાને તોડી નાખી છે. આ ચેનલ ૨૧મી સદીનું નવું વર્ઝન છે. બીજી પણ અમુક ચેનલોએ તેમની નકલ કરવાનું શરું કરી દીધું છે. જો એક બે બાબતોનું ધ્યાન રાખવામાં આવશે તો આ રિ-પબ્લિક ભારત આવનારા વર્ષોમાં એક નવો ઈતિહાસ રચશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. અને આવી હજીયે બીજી બે ચાર રાષ્ટ્રવાદી ચેનલો અને અર્નબ ગોસ્વામી જેવા નીડર લીડરો દેશમાં આવી જાય તો ભારતને અંદરથી ખોખલું કરતી દેશવિરોધી તાકતોનો જલદી અંત આવે અને પ્રત્યેક પ્રજાના માનસમાં રાષ્ટ્રવાદ વ્યાપી જાય.

9426060601.india@gmail.com

## વધુ ૧૯

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત નંદા ઓટોમોબાઈલ્સમાં નોકરી કરતા ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૬ માં રહેતા અને સિક્યોરીટીમાં નોકરી કરતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી સાડા પાંચ વર્ષની આયુ ધરાવતી બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

નાયબ સચિવ તરીકે ફરજો બજાવતા અને સે. ૪ માં રહેતા ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર મેળવનાર દર્દીઓની સંખ્યા ૧૩૦થી વધુ છે. શહેરમાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## વધુ ૧૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ધોળાકુવા ગામેથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

વેડા ગામેથી ૫૧ વર્ષીય પુરૂષ વેપારી અને ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૩ અને અર્બન વિસ્તારમાંથી એક મળી કુલ ૪ કેસ નોંધાયા છે. બોરીસણા ગામેથી ૬૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સોજામાંથી બે મહિલા દર્દી મળ્યા છે. ૨૩ વર્ષીય વિદ્યાર્થીની અને ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન-૨ વિસ્તારમાંથી ૩૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

જિલ્લામાં આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૦૪૬ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૫૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૫,૩૪૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## વધતા દબાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બીજીતરફ સે-૨૫ અને સે-૨૮ ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં પણ દબાણોની હારમાળા જોવા મળી રહી છે. સે-૨૫ ઈલેક્ટ્રોનિકસ એસ્ટેટના વિસ્તારમાં એસ્ટેટની દિવાલને અડીને પોતાના ગેરકાયદેસર દબાણો ઉભા કર્યા છે. જો આ દબાણકર્તાઓને રોકવામાં નહીં આવે તો સે-૨૮ એન્જિયરીંગ એસ્ટેટની જેમ જ આદીવાડામાં ગેરકાયદેસર વસાહત ઉભી થઈ છે તેવી સ્થિતિ થશે. આ દબાણોના લીધે આ વિસ્તારમાં અન્ય દુષણો પણ પ્રવર્તયા છે. આ વિસ્તારમાં ચોરીના તેમજ ગંભીર પ્રકારના ગુનાહીત બનાવોનુ પણ પ્રમાણ વધ્યુ છે. જો આ દબાણકર્તાઓ સામે ત્વરિત પગલા નહીં લેવામાં આવે તો સે-૨૮ જેવી જ સ્થિતિ અહીં પણ થશે તેમ પણ ગાંધીનગર ઈલેક્ટ્રોનિકસ ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશનના ડો સમીર ત્રિવેદીએ તેમની રજુઆતમાં જણાંવ્યુ છે. તેમણે વધુમાં જણાંવ્યુ છે કે આ વિસ્તારમાં ગેરકાયદેસર ઉભી થતી ઝુંપડપટ્ટીને રોકવામાં નહીં આવે તો બહારથી આવતા ઉદ્યોગો પણ અહીં સ્થાપવામાં આવશે નહીં. ઉદ્યોગોનો વિકાસ પણ મંદ પડી જશે જેથી દબાણોને અટકાવવા માટે યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય છે.

## ૭૦ લાખને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અહી ૨.૩૬ લાખ સક્રિય કેસ છે. દેશનાં લગભગ તમામ રાજ્યોમાંથી કોરોના દર્દીઓનાં કેસ સામે આવ્યા છે. એવા ઘણા રાજ્યો પણ છે જે આ રોગચાળાથી મુક્ત હતા, પરંતુ કોરોનાની કથિત બીજી લહેર પછી, તે રાજ્યોમાં ફરી એકવાર કોરોનાનાં કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

દેશમાં ૭ ઓગસ્ટના કોરોનાના કુલ ૨૦ લાખ કેસ થયા હતા. ત્યારબાદ ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ અને ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ કેસો નોંધાયા હતા. છેલ્લા એક પખવાડિયામાં કોરોના સંક્રિમતોના કુલ ૯ લાખથી વધુ કેસો સપાટી પર આવ્યા છે. આઈસીએમઆરના ડેટા મુજબ દેશમાં કુલ ૮,૫૭,૯૮,૬૯૮ કોરોનાના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ૯ ઓક્ટોબરના દેશમાં ૧૧,૬૪,૦૧૮ કોરોના ટેસ્ટ હાથ ધરાયા હતા.

## શકમંદ મહિલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ મહિલા ઘરમાંથી ચુપચુપ ખસી ગઈ. વીડિયોમાં પણ મહિલાને જોઈ શકાય છે જે પોતાનું કથિત નામ રાજકુમારી બતાવી રહી હતી.

કેસની તપાસ કરી રહેલા એસઆઈટીની ટીમે આરોપીઓના પરિવારને પૂછપરછ માટે શુક્રવારના રોજ તેમને બોલાવ્યો હતો. બે આરોપીઓના પરિવારની એસઆઈટીએ પૂછપરચ્છ પણ કરી હતી. સાથો સાથ તપાસ દળે પીડિત પરિવારના પાડોશીઓને પણ પૂછપરચ્છ માટે બોલાવ્યા છે. સૂત્રોનું કહેવું હતું કે એસઆઈટી ૪૦ લોકોની પૂછપરચ્છ કરશે. તેમાં એ લોકો પણ સામેલ છે જે ઘટનાવાળા દિવસે ખેતરની આસપાસ હતા. ઉપરાંત એસઆઈટીએ પીડિતાને અંત્યેષ્ટિવાળા દિવસે કોણ-કોણ ઘટના સ્થળ પર ગામમાં હાજર હતા કે દૂરથી દેખાઈ રહ્યા હતા તેની પૂછપરચ્છ કરી છે. એસઆઈટી ટીમ પોલીસ લાઈનમાં ગામના લોકોને સતત પૂછપરચ્છ માટે બોલાવી રહી છે. હાલ એસઆઈટી મહિલાની શોધખોળ કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, શંકાસ્પદ મહિલા ઘટનાના બે દિવસ બાદ ૧૬ સપ્ટેમ્બરથી પીડિતાના ગામમાં સક્રિય થઈ ગઈ હતી. તે પીડિત પરિવાર સાથે ઘરે રહીને પરિવારના સભ્યોને ઉશ્કેરતી હતી. આ સમગ્ર મામલે હવે એસઆઈટી જલ્દીથી ખુલાસો કરી શકે છે.

આ અગાઉ હાથરસ કેસમાં પીએફઆઈ કનેક્શન પણ બહાર આવ્યું હતું. સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે હાથરસમાં જાતીય હિંસા ભડકાવવા માટે પૈસા બહારથી આવ્યા હતા અને મીડિયા અહેવાલો અનુસાર, મોરિશિયસથી ૫૦ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા હતા. પોલીસે કથિત રીતે પીએફઆઈ સાથે સંકળાયેલા ૪ લોકોની ધરપકડ કરી હતી. પોલીસ સુત્રો મુજબ "જસ્ટીસફોરહાથરસ" વેબસાઈટ પાછળ પીએફઆઈ જેવા ગ્રુપનો હાથ હોઈ શકે છે.

## હસ્તક્ષેપ ન કરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે કોર્ટને જણાવ્યું કે, સંકટ સમાધાન માટે ઉધાર આપનારી સંસ્થાઓ અને તેમના ઉધારકર્તા પુનર્ગઠન યોજના બનાવે છે, કેન્દ્ર અને ઈંૈ તેમાં હસ્તક્ષેપ ના કરી શકે. સરકારે કોર્ટને જણાવ્યું કે, ૨ કરોડ સુધીની લોન માટે ચક્રવૃદ્ધિ વ્યાજ માફ કરવાની રીતોને કેબિનેટ દ્વારા મંજૂરી મળ્યા બાદ જાહેર કરવામાં આવશે. એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે, બેંકોએ અધિસૂચનાની તારીખથી એક મહિનાની અંદર ચક્રવૃદ્ધિ વ્યાજ માફી યોજના લાગૂ કરવી પડશે. કેન્દ્રએ જણાવ્યું કે, ૩ લાખ કરોડ રૂપિયાની MSME ઈમરજન્સી ક્રેડિટ પોલિસી પહેલાથી જ લોન્ચ કરવામાં આવી છે, જેથી તે નિયમિત પરિચાલનમાં પાછા આવી શકે. કેન્દ્રએ કહ્યું કે, કામત સમિતિના રિપોર્ટના આધાર પર મહામારી સામે લડવા માટે ક્ષેત્ર વિશેષ રાહત માટે એક વિશેષ સૂત્ર પર પહોંચવું સંભવ નથી. કોર્ટને જણાવવામાં આવ્યું કે, ગંભીર આર્થિક અને નાણાકીય તણાવને ધ્યાનમાં રાખતા સરકાર અને ઈંૈ દ્વારા નિર્ણય લેવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે વિવિધ ક્ષેત્રોમાં ઉધારકર્તાઓ માટે રાહત પર વિચાર કરવા માટે સરકારને એક અઠવાડિયાનો સમય આપ્યો હતો કારણ કે સરકારે પોતાની પહેલી એફિડેવિટમાં કહ્યું હતું કે, MSME માટે ૨ કરોડ સુધીની લોન અને ૬ મહિના સુધીની મુદત દરમિયાન વ્યક્તિગત લોન માટે વ્યાજ પર છૂટ આપવામાં આવશે.